## શ્રાવણ વદ ૨–પૂ. બહેનશ્રીની જન્મજયંતી

(રાગ–આવો આવો સીમંધરનાથ)

સખી! દેખ્યું કૌતુક આજ માતા 'તેજ' ઘરે;
એક આવ્યા વિદેહી મહેમાન, નીરખી નેન ઠરે.
વિદેહી વિભૂતિ મહાન ભરતે પાય ધરે;
મા 'તેજ' તણે દરબાર 'ચંપા' પુષ્પ ખીલે....સખી૦

શી બાળલીલા નિર્દોષ, સૌનાં ચિત્ત હરે;
શા મીઠા કુંવરીબોલ, મુખથી ફૂલ ઝરે.
શી મુદ્રા ચંદ્રની ધાર, અમૃતનિર્ઝરણી;
ઉર સૌમ્ય સરલ સુવિશાળ, નેનન ભયહરણી....સખી૦

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી....સખી૦

સીમંધર–ગણધર–સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાનધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો....સખી૦

❀



## શ્રાવણ વદ ૨–
## પૂ. બહેનશ્રીની જન્મજયંતી

પ્રશમમૂર્તિ નામ છે, સોનગઢ જેનું ધામ છે,
એવા ભગવતી માતને, વારંવાર પ્રણામ છે....
બોલો ધન્ય માત....(૩) સહુ બોલો.....

તેજબા જેની મૈયા છે, હિંમતભાઈ ભૈયા છે,
એવા ભગવતી માતને, વારંવાર પ્રણામ છે.....
બોલો ધન્યમાત.....(૩) સહુ બોલો......

સીમંધરની છાયા છે, ગુરુ કહાન મન ભાયા છે....
એવા ધર્મ રતનને, વારંવાર પ્રણામ છે....બોલો૦

ઘુંટડે ઘુંટડે અમૃતપીતા, નિર્વિકલ્પ આનંદમાં રહેતા,
એવા સમ્યક્ધામને, વારંવાર પ્રણામ છે....બોલો૦

કલ્પવેલી કલ્યાણી છે, કેવળ કરુણામૂર્તિ છે.....
દેવેન્દ્રકિર્તી ભગવાનને, વારંવાર પ્રણામ છે....બોલો૦

હિરા–મોતીથી વધાવે છે, શાશ્વત શરણું માંગે છે......
એવા અદ્ભૂત માતને, વારંવાર પ્રણામ છે.....બોલો૦

❀

## શ્રાવણ વદ ૨–પૂ. બહેનશ્રીની જન્મજયંતી

શ્રાવણ મહિનાની બીજલડી આવી
અંતરમાં આનંદ ન માય,
કે માતા તારા જન્મ વધામણાં

જેઠાભાઈ ઘેર આજ તોરણ બંધાયા
તેજબાના ઓરડે ઉજાસ....કે માત૦

વીરપુરીમાં જન્મ જ લીધાં,
સુવર્ણપુરીમાં કીધો વાસ....કે માત૦

નાની ઉંમરમાં સમ્યક્ત્વ પામીયા,
દેખ્યો છે ચૈતન્ય દેવ.....કે માત૦

વિદેહથી આ માત પધાર્યા,
આપી સીમંધર વાણ.....કે માત૦

અજોડ રત્ન આ ભારતમાં પાકીયું,
જગમાં જય જયકાર....કે માત૦

દેશ પરદેશથી ભક્તો સહુ આવે
જન્મોત્સવ ઉજવવા કાજ.....કે માત૦

અમર તપો મારા ભગવતી માતા,
ચરણોમાં રહીયે સદાય....કે માત૦

માતાજી અમારા ભાવિગણધર છે
જ્ઞાયક દેખાડ્યો છે આજ....કે માત૦

❀



## શ્રાવણ વદ ૨–પૂ. બહેનશ્રીની જન્મજયંતી

શ્રાવણીયાની બીજ આવી મંગળ વધાઈ લાવી
તેજબાના આંગણે પધારિયા મા ભગવતી

ધર્મરત્નની જન્મજયંતી મંગલકારી
ધર્મરત્નની જગમાં ગુંજે જય જયકારી

વિદેહી દેવરાજ આવે, સ્વર્ણિમ પગલા ભરતમાં આજે (૨)
તેજબાના મંદિરિયામાં ચોઘડિયા શરણાઈ વાગે (૨)
સાથિયા પુરાવ્યા આજ દિવડા પ્રગટાવ્યા આજ
તેજબાનાં આંગણે પધારિયા મા ભગવતી.....ધર્મરત્ન૦

સ્વરૂપમાં નિવાસ કર્યો તે ધ્યાન દશા અદ્ભૂત તારી (૨)
અમૃતઘટમાં પ્રભુનાં ન્યાયો, ભરીને ભરતે લાવ્યા માત (૨)
રિદ્ધિ સિદ્ધિ નિધાન માતા જ્ઞાયકમાં રમનાર માતા
તેજબાનાં આંગણે પધારિયા મા ભગવતી.....ધર્મરત્ન૦

માત તમે ગુણોના સાગર, વચનામૃત ગાગરમાં સાગર (૨)
દિવ્યધ્વનિનો સાર લાવ્યા જ્ઞાનનો અવતાર માતા (૨)
વચનામૃતની રચના ભારે મીઠા મધુરા મંત્રો જાણે
તેજબાનાં આંગણે પધારિયા મા ભગવતી.....ધર્મરત્ન૦

ચૈતન્યરસની અમૃતસરિતા, સર્વાંગે શાંતિરસ ઝરતા (૨)
કલ્યાણી કલ્પવેલી માતા, સુખનું ધામ જ અમને મળિયા (૨)
વંદન હોજો લાખ અમારા દર્શનથી પામે ભવપારા
તેજબાને આંગણે પધારિયા મા ભગવતી.....ધર્મરત્ન૦

❀